# ટેકનોલોજીથી વંચિત લોકો સુધી પહોંચશે: સિલ્વર ઓક યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ગ્રુપ બનાવ્યું, ન્યૂઝનેસ્ટના પહેલા એડીશનને લોન્ચ કરાયું

અમદાવાદ 29/04/23



શેર

ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇલેક્ટ્રીકલ એન્ડ ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયર્સ (IEEE)એ વિશ્વની સૌથી મોટી તકનીકી વ્યાવસાયિક સંસ્થા છે. જે લોકહિત માટે ટેકનોલોજીને આગળ વધારવા માટે કાર્ય કરે છે. IEEE ગુજરાત સેક્શન અંતર્ગત આવતા સિલ્વર ઓક યુનિવર્સિટી IEEE વિદ્યાર્થી શાખા-સાઇટ ગ્રુપનું અનાવરણ કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ અને સોમનાથ ટ્રસ્ટના પૂર્વ ટ્રસ્ટી પી.કે. લહેરી અને સિલ્વર ઓક યુનિવર્સિટી મેનેજમેન્ટ એન્ડ ગુજરાત સેક્શન IEEE સાઈટના ચેરપર્સનની પ્રેરક ઉપસ્થિતિમાં સેવાકીય અભિગમ સાથે આ ગ્રુપની શરૂઆત કરવામાં આવી છે.

**પી.કે લહેરીએ વિદ્યાર્થીઓને સંબોધન કર્યું**

આ પ્રસંગે હાજર રહેલા પી.કે લહેરીએ વિદ્યાર્થીઓને સંબોધન કરતા કેટલીક મહત્વપૂર્ણ વાતોનો ઉલ્લેખ કર્યો હતો. પોતાના વક્તવ્યમાં વ્યક્તિની સર્જનાત્મકતા અને તેની કુશળતાનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં ટેકનોલોજી અથવા તો આર્ટિફિશિયલ એન્ટેલિજન્સ ગમે એટલું આગળ કેમ ન હોય, પરંતુ માણસની સર્જનાત્મકતા અને તેની કુશળતાનું સ્થાન ક્યારેય નહીં લઈ શકે. સિલ્વર ઓક યુનિવર્સિટીમાં શરૂ કરવામાં આવેલ IEEE સાઈટ ગ્રુપની શરૂઆત કરાવતા પી.કે. લહેરીએ યુવા વિદ્યાર્થીઓને પોતાની આવડત અને ટેકનોલોજીની મદદથી સમાજ ઉપયોગી કામ કરવા માટે હાંકલ કરી હતી.

**ન્યૂઝલેટર ‘ન્યૂઝનેસ્ટ’ના પહેલા એડીશનને પણ લોન્ચ કરાયું**

પી.કે. લહેરી પોતાના જીવનકાળ દરમિયાન વહીવટી ક્ષેત્રની સાથે સાથે સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા છે, જેથી તેમને સમાજ સેવાનો બહોળો અનુભવ ધરાવે છે. એટલા માટે જ યુનિવર્સિટી દ્વારા આ કાર્યક્રમમાં તેમને આમંત્રિત કરવામાં આવ્યા અને તેમના અનુભવોનો નિચોડ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સિલ્વર ઓક યુનિવર્સિટી IEEE સ્ટુડન્ટ બ્રાન્ચ અંતર્ગત IEEE સાઈટ ગ્રુપની શરૂઆત કરાવવામાં આવી છે, જે ટેકનોલોજીની મદદથી લોકહિતના કામ કરવાં માટે કાર્યરત રહેશે. આ ગ્રુપ સાથે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા 200 જેટલા વિદ્યાર્થીઓ જોડાઈ ચૂક્યા છે. આ કાર્યક્રમમાં સિલ્વર ઓક યુનિવર્સિટી IEEE વિદ્યાર્થી શાખાના ન્યૂઝલેટર ‘ન્યૂઝનેસ્ટ’ના પહેલા એડીશનને પણ લોન્ચ કરવામાં આવ્યું હતું.